જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૫/૧૧/૨૦૨૨ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૯૮૮/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૪/૧૧/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | ૦ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૨ | ૦ | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૪ | ૪,૦૬,૯૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

# <u>નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત</u>

## <u>ગુજ.યુનિ.પોલીસ સ્ટેશન</u>

## <u>નાસતા ફરતા આરોપીને પકડી પાડતી ગુજ.યુનિ.પોલીસ</u>

મે.પોલીસ કમિશ્નરશ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ શ્રી નીરજ કુમાર બડગુજર સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ શ્રી ડૉ.લવીના સિન્હા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "ખ" વિભાગ એચ.એમ.કણસાગરા સાહેબ અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમાં નાસતા ફરતા આરોપીઓને પકડવા સારુ અવાર નવાર સુચનાઓ આપેલ હોય જે સુચના અન્વયે **પોલીસ ઇન્સ્પેકટરશ્રી વી.જે.જાડેજા સા.**ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન નાઓના માર્ગદર્શન મુજબ સર્વેલન્સ એ.એસ.આઇ ઇન્દ્રજીતસિંહ મહોબતસિંહ બ.નં.૫૪૦૮ તથા સર્વેલન્સ સ્કોડના સ્ટાફના માણસો પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન મળેલ હકીકત આધારે આરોપી સલમાન મહોમ્મદ યાસીન અંસારી ઉવ.૨૯ રહે.૨૬૯૩ ગલી નં.૩, સોદાગરની પોળ, કાલુપુર, અમદાવાદ શહેર નાઓને પકડી પો.સ્ટે.ખાતે લાવી ઇગુજકોપ દ્વારા આરોપીના ગુનાહિત ઇતીહાસની તપાસ કરતા સદર આરોપી અત્રેના ગુજ.યુનિ.પો.સ્ટે.પાર્ટ એ.ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૭૨૧૧૨૭૫/૨૦૨૧ ધી ઇપીકો કલમ ૪૦૮, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી) તથા આઈ.ટી. એક્ટ કલમ ૬૬(ડી) મુજબના ગુનામાં નાસતો ફરતો હોવાનુ જણાઇ આવતા ઘણાં સમયથી નાસતા ફરતા આરોપીને પકડી પાડી ગુજ.યુનિ.પોલીસે પ્રશંશનીય કામગીરી કરેલ છે.

<u>આરોપીનુ નામ-.</u>

સલમાન મહોમ્મદ યાસીન અંસારી ઉવ.૨૯ રહે.૨૬૯૩ ગલી નં.૩, સોદાગરની પોળ, કાલુપુર, અમદાવાદ

<u>નાસતો ફરતો હતો તે ગુ.ર.નં.</u>

ગુજ.યુનિ.પો.સ્ટે.પાર્ટ એ.ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૭૨૧૧૨૭૫/૨૦૨૧ ધી ઇપીકો કલમ ૪૦૮, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી) તથા આઈ.ટી. એક્ટ કલમ ૬૬(ડી) મુજબ

<u>કામગીરી કરનાર અધીકારી/કર્મચારીઓ</u>

**(૧) એ.એસ.આઇ ઇન્દ્રજીતસિંહ મહોબતસિંહ બ.નં.૫૪૦૮ (૨) હે.કો.પ્રધ્યુમનસિંહ જટુભા બ.નં.૪૨૪૫ (૩) પો.કો.ભાવેશભાઇ અમ્રુતભાઇ બ.નં.૭૨૮૫ (૪) પો.કો.અજીતસિંહ અભેસિંહ બ.નં.૯૯૪૭ (૫) પો.કો.પ્રવિણભાઇ કનુભાઇ બ.નં.૧૨૩૩૩ (૬) પો.કો.શક્તિસિંહ મહેન્દ્રસિંહ બ.નં.૭૧૭૮ (૭) પો.કો.સહદેવસિંહ ભુપતસિંહ બ.નં.૧૦૨૨૮ (૮) પો.કો.વિક્રમસિંહ જોરસંગભાઇ બ.નં.૧૦૦૧૦ (૯) પો.કો.દિગ્વીજયસિંહ લક્ષ્મણસિંહ બ.નં.૧૦૨૭૨ (૧૦) પો.કો.કલ્પેશકુમાર પ્રવિણભાઇ બ.નં.૫૨૮૦ (૧૧) લોકરક્ષક શક્તિરાજસિંહ દિપસિંહ બ.નં.૧૩૦૦૪ (૧૨) લોકરક્ષક મયુરભાઇ મનજીભાઇ બ.નં.૧૩૯૨૪ (૧૩) વુ.પો.કો. નિર્મળાબેન વિનુભાઇ બ.નં.૬૯૫૦**



**<u>નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૮૯/૨૦૨૨</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૪ કેસ કરી, ૪૦ વ્યક્તિઓને ઝડપી, ૧૨૦ લીટર દેશી દારૂ, ૫૪૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩૬૦ બિયર ટીન અને ૧ કાર કબજે કરી હતી. તથા જુગારધારા હેઠળ ૫ કેસ કરી, ૧૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૩,૫૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૯૦/૨૦૨૨</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૭૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. પ્રોહી ૯૩ મુજબ ૪૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>છેતરપીંડીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૯૧/૨૦૨૨</u>**

**સાયબર ક્રાઇમઃ** નાગેન્દ્ર મહાવીરપ્રસાદ સોની (ઉ.વ.૪૭)(રહે. સુર્યાઅમી એપાર્ટમેન્ટ્સ ભાવના સોસાયટી પાસે રાણીપ) એ તા.૦૪/૧૧/૨૦૨૨ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે નાગેન્દ્રએ ફેસબૂક ઉપર કેનેડામાં બે વર્ષ માટેની વર્ક પરમિટની જાહેરાત જોઈ નાગેન્દ્ર નાઓને તેમની પત્ની સાથે કેનેડા કામ કરવા માટે જવાની ઈચ્છા હોવાથી, નાગેન્દ્રએ આ સ્કીમ વિષે વધુ જાણવા માટે જાહેરાતમાં આપેલ મો.નં. +૧૬૦૪૩૫૭૩૦૫૫ ના ધારક સાથે વોટ્સએપથી મેસેજ કરી માહિતી મેળવેલ જેમાં કેનેડા ઈમિગ્રેશન લોયર સુનિલ કુમાર નામની વ્યક્તિ, કોટક મહિન્દ્ર બેંક ખાતા નંબર ૬૨૪૫૦૭૭૬૫૪ ના ધારક, દીપક પુરોહિત અને આઈસીઆઈસી બેન્ક ના ધારક કપિલકુમાર નામની વ્યક્તિઓએ ભેગામળી નાગેન્દ્રને વર્ક પરમીટ આપવાના બહાને તેમજ કેનેડા ખાતે નોકરી આપવાની લાલચ આપી નાગેન્દ્ર સોનીને વિશ્વાસમા લઇ તા.૨૬/૦૬/૨૦૨૨ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન કુલ રૂપિયા ૨૨,૮૫,૦૦૦/- મેળવી લઇ વર્ક પરમીટ કે નોકરી નહી અપાવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.આર.ભાભોર ચલાવે છે.

**શહેરકોટડાઃ** હસમુખભાઇ પ્રેમજીભાઇ ચાવડા (ઉ.વ.૩૭)(રહે.કમલા એપાર્ટમેન્ટ શ્રેયેસ ક્રોસીંગ પાસે આંબાવાડી) એ તા.૦૪/૧૧/૨૦૨૨ ના રોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૦૩/૨૦૨૧ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન જોગણી કંન્ટ્રોલ્સ શેડ નંબર-૮ શ્રીનાથજી એસ્ટેટ, વાડેશ્વર મહાદેવ મંદિર નજીક ઇટવાડા સરસપુર ખાતે આરોપી (૧) બચ્ચુ ડે તથા (૨) દાસ ગુપ્તા (રહે.મેસર્સ ફ્લોટેક વાલ્વ ઓટોમેસન કંપની એલ-૨ બોપરા કામદાહરી ગરીયા ટલટાલા મોરે, કલકતા પશ્ચિમ બંગાળ) એ ભેગામળી હસમુખભાઇનો વિશ્વાસ કેળવી "જોગણી કંન્ટ્રોલ્સ" કંપની માંથી ઓટોમેસન તથા ઇન્ડસ્ટીયલના વાલનો માલ કિમત રૂપિયા ૫,૮૪,૩૦૯/- ખરીદી કરી નાણાં નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી જે.ડી.પ્રજાપતિ ચલાવે છે.

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૯૨/૨૦૨૨</u>**

**નારોલઃ** સિધ્ધાંત વસંતભાઇ ઠક્કર (રહે. વ્રજભુમિ સોસાયટી વિભાગ-૧ જેઠાભાઇની વાવ સામે ઇસનપુર નારોલ) એ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૧૧/૨૦૨૨ કલાક ૨/૩૦ થી કલાક ૩/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી લાકડાના કબાટમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા આશરે ૧,૯૫,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.જી.બ્રીદ ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૯૩/૨૦૨૨</u>**

**નરોડાઃ** શ્રવણ માંગીલાલ પ્રજાપતિ (રહે. સર્જન બંગલોઝ કેનાલ પાસે પાર્શ્વનાથ ટાઉનશીપ રોડ નવા નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૧૧/૨૦૨૨ રાતના ૮/૪૫ વાગ્યાના સુમારે બે અજાણ્યા મોટર સાયકલ ચાલકે સરદાર ચોક અંકુર સ્કુલ સામે “કભી ભી” કેક શોપ આગળ રોડ ઉપર પાર્ક કરેલ શ્રવણ પ્રજાપતિની આઈ ટ્વેન્ટી કારની ડ્રાઈવર સીટની પાછળની સીટના દરવાજાનો કાચ તોડી, રોકડ રૂપિયા ૧,૯૭,૦૦૦/- મુકેલ બેગ ચોરી કરી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.એસ.ચુડાસમા ચલાવે છે.

**કાગડાપીઠઃ** કાલીબહેન રામજીભાઈ ચાવડા (ઉ.વ.૭૨)(રહે.મ્યુનિસિપલ સ્લમ કવાર્ટસ મણીનગર) એ તા.૦૪/૧૧/૨૦૨૨ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૧૦/૨૦૨૧ સવારના ૧૦/૦૦ થી ૧૦/૩૦ વાગ્યા દરમ્યાન મીરા સીનેમા ચાર રસ્તા નજીક અજાણી સ્ત્રીએ કાલીબહેનને મંદિરે સાથે આવવાનું કહેતા કાલીબહેન તેની સાથે રીક્ષામાં બેસી ગીતામંદિર બસ સ્ટેન્ડ ખાતે આવતા અજાણી સ્ત્રીએ “હુ બાથરૂમ જઇને આવુ છુ” એમ કહેતા કાલીબહેન પણ તેમની સાથે જાહેર શૌચાલયમાં જતા કાલીબહેનનું ધ્યાન વાતોમાં વ્યસ્ત રાખી કાલીબહેનની નજર ચુકવી કાલીબહેનના કાનમાંથી સોનાની વાળીઓ કિમત રૂપિયા ૫૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.બી.પલાસ ચલાવે છે.

**<u>વાહન ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૯૪/૨૦૨૨</u>**

**નરોડાઃ** જયેશભાઈ રામાભાઈ પંચાલ (ઉ.વ.૪૩) (રહે.સોનાટેન ફ્લેટ, અમરકુંજ સોસાયટી ની બાજુમા, મનોહરવિલા ચાર રસ્તા પાસે નવા નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૪/૧૧/૨૦૨૨ કલાક ૧/૩૦ થી ૫/૧૫ વાગ્યા દરમ્યાન નરોડા ગામ કુવારા નજીક પાર્ક કરેલ ટ્રાવેલ્સ બસ નંબર જીજે.૩૮.ટી.૮૮૬૩ કિમત રૂપિયા ૨૫,૦૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.ટી.દેસાઈ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૯૯૫/૨૦૨૨**

**રિવરફ્રંટ વેસ્ટઃ** પ્રકાશભાઇ નેમાભાઇ પરમાર (ઉ.વ.૨૧) (રહે. ચામુંડાનગરનાં છપરાં આંબેડકરબ્રીજ સામે ખોડિયારનગર) એ અગમ્ય કારણસર તા.૦૩/૧૧/૨૦૨૨ રાતના ૯/૩૦ વાગ્યા પહેલા આંબેડકરબ્રીજ નીચે રિવરફ્રંટ નજીક નદી પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જાહિદભાઇ બલદારભાઇ ચલાવે છે.

**ચાંદખેડાઃ** પ્રદિપ સ/ઓ બાબુજી વાઘેલા (ઉ.વ.૪૫) (રહે. અશોક આવાસ યોજના ન્યુ સી.જી.રોડ ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૦૪/૧૧/૨૦૨૨ સાંજના ૬/૪૫ વાગ્યા પહેલા ચાંદખેડા સ્મશાનગૃહ પાસે આવેલ તળાવમા પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી પી.પી.પટેલ ચલાવે છે.

**રિવરફ્રંટ ઈસ્ટઃ** રાકેશ રમેશભાઇ પરમાર (ઉ.વ.૨૫) (રહે. રોહીદાસ વંશીનગર રામાપીરનો ટેકરો જુના વાડજ) એ અગમ્ય કારણસર તા.૦૪/૧૧/૨૦૨૨ કલાક ૦૦/૨૨ વાગ્યાના સુમારે દુધેશ્વરબ્રિજ પાસે રિવરફ્રન્ટ વોક-વે સીડી નંબર-૧૩ નજીક નદી પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેન્દ્રસિંહ હેમતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી